## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગઈકાલે વાઈફ અને સીસ્ટર ભેગા થઈ ગયા હતા... બહેનની રક્ષા કરવા ગયો તેમાંસ જરા વાગી ગયું....!!

# શહેરના નાગરીકોના આરોગ્ય સામે ઝંળુબતો ખતરો

ગાંધીનગર, તા.૨૩

કોરોના કહેરમાંથી માંડ છુટ્યા બાદ રૂતુજન્ય રોગચાળાએ પણ કહેર મચાવ્યો છે. શહેરમાં મેલેરીયા, ડેન્ગ્યું અને ટાઈફોઈડના કેસ કુદકે અને ભુસકે વધી રહ્યા છે. શહેરમાં રોગચાળાએ અજગરી ભરડો લેતા ઘરે ઘરે નાગરીકો બિમારીના ખાટલે પડ્યા છે. શહેરની સિવિલ ઓપીડી તેમજ ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાય છે. દર્દ થી કણસી રહેલા દર્દીઓ દવા લેવા માટે લાંબી લાઈનનો સામનો કરી રહ્યા છે. શહેરમાં મેલેરીયા, ડેન્ગ્યુની સાથે સાથે ટાઈફોઈડના કેસ પણ ચિંતાજનક રીતે વધતા આરોગ્ય તંત્ર પણ રોગચાળો કાબુમાં કરવા માટે દોડધામ કરી રહ્યું છે.



રોકાઈ રોકાઈને આવતો વરસાદ મચ્છરજન્ય રોગચાળાનો ઉપદ્રવ વધારી રહ્યો છે. મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાના કેસો ખૂબ વધ્યા છે. સેક્ટર-૭માં મેલેરીયા વિભાગ દ્વારા ઘરે ઘરે જઈ દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા તંત્ર હરકતમાં આવ્યુ છે.

પ્રાપ્ત વિગત મુજબ કોરોનાના કહેર થી હજુ નાગરીકોને કળ વળી નથી. ત્યાં પાટનગરમાં રૂતુજન્ય રોગચાળો બિલ્લી પગે વકરતો જાય છે. શહેરમાં ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ, સહિતના કેસમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. નગરમાં ઘરે ઘરે નાગરીકો બિમારીમાં સપડાયા છે. સેકટરે સેકટરે આવેલા ખાનગી દવાખાનામાં રાત્રીના સમયે ભારે ભીડ જોવા મળે છે. દર્દથી કણસી રહેલા દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય છે. તો બીજીતરફ સિવિલ હોસ્પિટલમાં પણ મેડીસીન ઓપીડી સવાર-સાંજ ઉભરાય છે. ૫૦૦ થી વધુ દર્દીઓ તાવ, શરદી, ઉધરસ સહિતના નોંધાય છે. જયારે છેલ્લા અઠવાડીયામાં સિવિલમાં મેલેરીયા-૨૦, ટાઈફોઈડ-૨૦ના કેસ નોંધાયા છે. ત્યારે પાટનગરમાં મેલેરીયા અને ટાઈફોઈડના કેસ સમાંતર ચાલી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. જયારે ડેન્ગ્યુના કેસ પણ નોંધપાત્ર છે. શહેરની લેબોરેટરીમાં ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ ના ટેસ્ટ કરાવવા માટે દર્દીઓની લાંબી કતારો સર્જાય છે. કોરોના બાદ પાટનગરમાં રૂતુજન્ય રોગચાળો અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા કોઈ એકશન પ્લાન બનાવી રૂતુજન્ય રોગચાળાને કાબુમાં કરવો જરુરી બન્યું છે. હાલમાં વરસાદ ન હોવા છતા આટલી સંખ્યામાં રોગચાળા એ માથું ઉંચક્યું છે. જો વરસાદ આવશે અને કાદવ-કિચડ તેમજ ગંદકી થશે તો હાલની સ્થિતિ કરતા પણ વધુ પરિસ્થિતિ વધુ વણસી શકે છે.

## ખૂણેખાંચરેથી

- ગુડાની આજે બોર્ડ બેઠક ચેરમેન ડૉ. ધવલ પટેલની અધ્યક્ષતામાં મનપા ખાતે મળી હતી.
- સામાન્ય વહીવટ વિભાગે પાંચ સેક્શન અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- શહેર ભાજપ દ્વારા આજે વોર્ડ નં. ૪, ૧૦ અને ૧૧માં બક્ષીપંચ મોરચામાં વિવિધ નિયુક્તીઓ કરી છે.
- આજે શિક્ષક સજ્જતા કસોટીનું આયોજન હોવાથી સરકારે શાળાનો સમય ૧૨ થી ૪ નો કર્યો છે.
- આજે સોમવારનો દિવસ જાહેર જનતા માટે હોવા છતાં સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં મુલાકાતીઓ બહુ જ ઓછા આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓ માટે નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સર્ટિફિકેટ માટે વધુમાં વધુ આરોગ્ય કેન્દ્રને સમાવવામાં આવે તેવી જિલ્લા કલેક્ટરે સુચના આપી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાન અંતર્ગત ૧૨ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૯૦૬૯ લોકોને અને શહેરમાં ૨૯૫૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે આજે જિલ્લાઓ સાથે વેક્સિનેશન અભિયાનની તેમજ કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની સમીક્ષા કરી હતી.
- મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે ૪ વાગ્યા પછી શાખાધિકારીઓની સપ્તાહ દરમ્યાન થયેલી કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી જે મોડે સુધી ચાલી હતી.

## મહાનગર ભાજપ દ્વારા વોર્ડ નં. ૪, ૧૦ અને ૧૧ના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ તેમજ બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ઉદયભાઈ કાનગડના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૪, ૧૦ અને ૧૧ના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી છે.

વોર્ડ નં. ૪ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે મહેશજી ઠાકોર, ઉપપ્રમુખ તરીકે પરેશભાઈ દેસાઈ, રામાજી ખાંટ અને મહામંત્રી તરીકે વિનોદભાઈ બારોટ, વોર્ડ નં. ૧૦ ના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે રાજુભાઈ રબારી, ઉપપ્રમુખ તરીકે દશરથજી ઠાકોર, વિજયભાઈ બારોટ અને મહામંત્રી તરીકે ભરતભાઈ ચૌધરી અને વોર્ડનં. ૧૧ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે વિષ્ણુજી ઠાકોર, ઉપપ્રમુખ તરીકે અનિલજી ઠાકોર, રાજેન્દ્રભાઈ વાણંદ અને મહામંત્રી તરીકે વિષ્ણુજી ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે.

## બીએસએફ ખાતે વિજય મશાલનું સ્વાગત



આજે ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર એકમના હેડક્વાર્ટર ખાતે ૧૯૭૧ના યુદ્ધમાં મળેલા વિજયના સ્વર્ણિમ વર્ષની ઉજવણી અંતર્ગત વિજય મશાલ પહોંચી હતી. ભારતીય સૈન્યના અધિકારીઓ તરફથી મશાલ બીએસએફને સોંપવામાં આવી હતી. વિજય મશાલનો ગુજરાત સીમા સુરક્ષા દળના ઈન્સ્પેક્ટર જનરલ જી. એસ. મલિકે ગર્વભેર સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે આર્મી અને બી એસ એફ દ્વારા યુદ્ધમાં વીરગતિ પામેલા શહીદ જવાનોને પુષ્પાંજલી અર્પણ કરવા સાથે મૌન રાખી સલામી સાથે વિરાંજલી આપવામાં આવી હતી.

## ગાંધીનગર જિલ્લામાં શહેર અને ગ્રામ્ય કક્ષાએ પતંજલી યોગ રમત સ્પર્ધામાં ભાગ લેવા જોગ

ગાંધીનગર, તા. ૨૩

કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વર્ષ-૨૦૨૧-૨૨ દરમિયાન જિલ્લા કક્ષાની શહેરી અને ગ્રામ્ય પતંજલી યોગ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ નિયત નમૂનાનું પ્રવેશપત્ર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ''સી'' વિંગ, છઠ્ઠો માળ, સદ્યોગ સંકુલ, પથિકાશ્રમ હોટલની બાજુમાં, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી કચેરી સમય દરમિયાન મેળવી તા. ૨૭-૮-૨૦૨૧ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે મોકલી આપવાનું રહેશે. ફોર્મ સાથે ડોક્ટરનું ફીટનેશ સર્ટીફિકેટ, વેક્સીનેશન સર્ટીફિકેટ તથા આધારકાર્ડ ચૂંટણીકાર્ડની નકલ કચેરી સમય દરમ્યાન રૂબરૂ તમામ આધાર પુરાવા સાથે અરજી આપવાની રહેશે. સમય મર્યાદામાં આવેલ પ્રવેશપત્રોના સ્પર્ધકોને વિગતવાર સ્પર્ધા કાર્યક્રમ અંગેની જાણ કરવામાં આવશે. જેની દરેક સ્પર્ધકે નોંધ લેવી. વધુ માહિતી માટે કચેરી સમય દરમ્યાન ઉક્ત સરનામે સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી ચૌધરીએ જણાવ્યું છે.

## લીલા પડવાશ માટે ઈક્કડનું વાવેતર કરાયું

ચિલોડા, તા. ૨૩



ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના ગૌ-સંવર્ધન કેન્દ્રની ખેતીની જમીનમાં લીલા પડવાશ માટે ઈક્કડનું વાવેતર કરાયુ. ગૌ-સંવર્ધન કેન્દ્રના સંચાલક રમેશભાઈ પટેલના આયોજન મુજબ સાંપ્રત સમયમાં સેન્દ્રિય ખાતર કે જે મોટે ભાગે છાણિયા ખાતરમાંથી જ મળે છે તેવો મોટાભાગના ખેડૂતોનો ભ્રમ ભાગવા માટે ઈક્કડના વાવેતરથી ૪૦ દિવસમાં જમીનમાં દાટી દેવાથી તેમાંથી ઉત્તમ સેન્દ્રિય ખાતર ઓછા ખર્ચે મેળવી શકાયાનું ખેડૂતો માટે ઉદાહરણ પુરૂ પડાયું.

# એરફોર્સના કર્મચારી સાથે ઓનલાઈન ૫૪ હજારની છેતરપિંડી

### રેલ્વેની સાઈટ પર કર્મચારીએ વિગતો ભરી ઓનલાઈન ટ્રેનની ટીકીટ બુક કરાવી હતી

ગાંધીનગર, તા.૨૩

એરફોર્સના કર્મચારી સાથે રૂ.૫૪ હજારની છેતરપિંડી થવા પામી છે. રેલ્વેની સાઈટ પર કર્મચારીએ વિગતો ભરી ઓનલાઈન ટ્રેનની ટીકીટ બુક કરાવી હતી. ફોન પે દ્વારા પેમેન્ટ પણ થઈ ગયું હતું. પરંતુ ટીકીટ બુક ન થતા પેમેન્ટ માટે રેલ્વે અને ત્યારબાદ એસબીઆઈ બેંકના કસ્ટમર કેરમાં વાત કરતા ટ્રાન્ઝેકશન થયેલ છે અને કેન્સલ માટે કોડ મોકલુ છું. તે યુપીઆઈ નંબર નાંખી બેલેન્સ ચેક કરો તે રીતે કરતા કર્મચારીના એકાઉન્ટમાંથી રૂ.૪૯ હજાર કટ થયાનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ ૨૪ કલાક માટે ફોન પે લોક થઈ ગયુ હતું. કર્મચારીએ મીની સ્ટેટમેન્ટ નીકાળતા બીજા રૂ.૪,૯૯૯ નું ટ્રાન્ઝેકશન અંગે જાણ થઈ હતી. કર્મચારી રૂ.૫૪ હજારની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનતા સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાનના વતની અને હાલ ચિલોડા આસ્થા સોસાયટી મકાન નં. ઈ-૩૦૪ ખાતે રહેતા ૩૪ વર્ષિય પ્રમોદ સૈની પરિવાર સાથે રહે છે અને એરફોર્સ સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ ગાંધીનગર ખાતે કોર્પોરલ તરીકે નોકરી કરે છે. એરફોર્સ કર્મચારી એ ગત તા.૪ જુલાઈના રોજ તેમના મોબાઈલ પરથી ફોન પે એપ્લીકેશન દ્વારા આઈઆરસીટીસી ઉપર જઈ વિગતો ભરી દિલ્લી થી ગુવાહાટી ટ્રેનની ટીકીટ બુક કરાવી હતી. ત્યારબાદ ફોન પે દ્વારા યુ.પી.આઈ.થી રૂ.૨૬૪૪ પેમેન્ટ કર્યું હતું. પરંતુ ટ્રેનની ટીકીટ બુક થઈ ન હતી. પરંતુ કર્મચારીના એકાઉન્ટમાંથી રૂપીયા ડેબીટ થઈ ગયા હતા. જેથી રીફંડ અંગેની વાત કરતા સાત દિવસમાં રીફંડ મળી જશે તેમ જણાવ્યું હતું. સાત દિવસ બાદ પણ રીફંડ ન મળતા ફરીયાદીએ તા.૧૧ જુલાઈના રોજ બપોરના રેલ્વે કસ્ટરમર કેરમાં વાત કરતા જાણવા મળ્યું કે તમારુ પેમેન્ટ પેન્ડીંગ નથી, બેંકમાં તપાસ કરો. જેથી ફરીયાદીએ એસબીઆઈના કસ્ટમરકેર નંબર પર વાત કરી હતી. તો સામેથી એસબીઆઈ કસ્ટમર કેરમાંથી બોલુ છુ તેમ જણાવતા ફરીયાદીએ પોતાની હકીકત જણાવી હતી. ત્યારબાદ ફોન સિનિયરને ટ્રાન્સફર કરીને વાત કરતા સામે થી તમારૂ ટ્રાન્ઝેકશન થયેલ છે અને કેન્સલ માટે કોડ મોકલુ છુ તેમ કહી ફોન પે પર કોડ મોકલી જણાવ્યુ હતું કે તમે યુપીઆઈ નંબર નાંખી બેલેન્સ ચેક કરો. તે વ્યકિતના જણાવ્યા મુજબ કરતા એકાઉન્ટમાંથી રૂ.૪૯,૦૧૦ રૂપીયા કટ થઈ ગયાનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ ફરીયાદીએ ફોન પે લોગ આઉટ કરી દીધુ હતું. અને ફરીથી ફોન પે લોગ ઈન કરતા તે ૨૪ કલાક માટે લોક થઈ ગયુ હતું. ત્યારપછી અધિકારીએ મીની સ્ટેટમેન્ટ નીકાળતા તેમાં રૂ.૪,૯૯૯ નું બીજી ટ્રાન્જેકશન થઈ ગયુ હતું. એરફોર્સના કર્મચારી સાથે રૂ.૫૪ હજારની છેતરપિંડી થતા સાઈબર ક્રાઈમમાં ફરીયાદ કરી છે.

## વાહકજન્ય તેમજ મધુમેહમાં આયુર્વેદ ઉપચાર પદ્ધતિ માટે તાલિમ અપાઈ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં કોરોના મહામારીમાં આયુર્વેદ સારવાર ખૂબ જ પુરવાર થઈ છે અને આપણી ધરોહર કહી શકાય તેવી આયુર્વેદિક જીવનશૈલી-દિનચર્ચા, ઋતુચર્ચા, સદ્દ્વૃત્ત ખોરાક લેવાના નિયમોની જાણકારી દ્વારા લોકો પોતાની રોગપ્રતિકારક શક્તિ વધારી અનેક રોગોના ભોગ બનતા અટકે છે. જેમાં લાઈફસ્ટાઈલ ડિસોર્ડર જેવા કે ડાયાબિટીસ, હૃદયરોગ, સ્થૂળતા, હાઈ બી.પી. વગેરેથી બચી શકાય છે અને કોરોના, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા વાયરસ રોગોથી બચી શકાય છે.

ગાંધીનગર જિલ્લાના જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવના પટેલે જણાવ્યું કે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે સૌથી વધુ અક્સીર છે. વર્તમાન સમયમાં લોકોને ભાગદોડ ભરેલી જિંદગીમાં શારીરિક અને માનસિક રોગોથી બચવાનો એકમાત્ર ઉપાય આર્યુવેદ અને યોગ છે. આથી જિલ્લાના આયુર્વેદનો પ્રચાર અને પ્રસાર થાય અને વધુ લોકોને તેનો લાભ મળી રહે તે માટે ૧૮ આયુર્વેદ દવાખાનામાં મે.ઓ. દ્વારા તાલીમનું આયોજન કરી ૫૪૦ આશા બહેનોને મધુમેહના નિદાન આયુર્વેદ સારવાર અને આહાર વિહાર દ્વારા મધુમેહ નિયંત્રણ આસપાસના વનસ્પતિના ઔષધિય ઉપયોગ સામાન્ય બિમારીમાં ઘરગથ્થુ ઉપચાર યોગ પ્રાણાયામ દ્વારા મધુમેહ અને અન્ય બીમારીઓ નિયંત્રણ આયુર્વેદ મજુબ બનાવવામાં આવ્યા હતા મુજબ સ્વસ્થ જીવનશૈલી આહાર-વિહાર સદ્દ્વૃત્ત, ઋતુચર્યા અને દિનચર્યાના પાઠ બનાવવામાં આવ્યા હતા.



કોરોનાની બીજી લહેર શમ્યા બાદ લોકો થોડાક બેદરકાર બની ગયા હોય તેવુ લાગી રહ્યુ છે. સામાજિક અંતરના નિયમો સાવ ભુલાઈ ગયા હોય તેવુ લાગી રહ્યુ છે. તહેવારોની સિઝનમાં બહાર હરવા-ફરવા નીકળનારાઓની સંખ્યા વધતા રીક્ષાચાલકો અને ખાનગી વાહન ચાલકો તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે. રીક્ષાઓમાં ઠાંસી ઠાંસીને મુસાફરો ભરવામાં આવી રહ્યા હોવાના દશ્યો જોવા મળી રહ્યા છે. સંભવિત ત્રીજી લહેર સામે આવા દશ્યો ચેતવણી સમાન છે.

## તેરસાપરા ચોકડીથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓએ જિલ્લા વિસ્તારમાં સઘન વાહનચેકીંગ અને પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન ગતરોજ એલસીબી પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમના સભ્યોમાં કોન્સ્ટેબલ અનોપસિંહ અને જીગ્નેશકુમારને બાતમી મળી હતી કે કલોલ ઓળા ચોકડી થી બાજુથી એક શખ્સ શંકાસ્પદ બાઈક સાથે તેરસાપરા બાજુથી આવે છે. જેથી પોલીસે બાતમીને પગલે બાઈક સાથે ઓમપાલ ગણપતરામ ચૌધરી (ઉં.૪૫ રહે, રખિયાલ પોસ્ટ ઓફિસની બાજુમાં ગુડુ પોલીમર્સ લિ.કંપનીની અંદર ઓરડીમાં મુળ રહે. ચારાવાસ, ગામ તા.ખેતડી,જી.ઝુંઝનુ રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે હોન્ડા સાઈન બાઈક નં. જી.જે.૧૮ડી.જી.-૨૨૪૫ ના આધારપુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા આ બાઈક તેણે ચાર માસ અગાઉ કલોલ કલ્યાણપુરા નજીક બળીયા રેલ્વે ફાટક નજીક પડ્યું હતું. ત્યાંથી ચોરી કરી હોવાનું જણાવતા ઈ-ગુજકોપ દ્વારા સર્ચ કરતા બાઈક ચોરી અંગે કલોલ શહેરમાં ફરીયાદ નોંધાઈ છે. પોલીસે રૂ.૪૦ હજારનું બાઈક કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રોજગારવાંછુ યુવાઓ અને નોકરીદાતાઓ માટે અનુબંધમ પોર્ટલ

ગાંધીનગર, તા. ૨૩

તા. ૬-૮-૨૦૨૧ના રોજ મુખ્યમંત્રી, ગુજરાતના વરદ હસ્તે ''અનુબંધમ'' નામનું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું. શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સંચાલિત નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી દ્વારા આ પોર્ટલનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જેમાં રાજ્યના તથા ગાંધીનગર જીલ્લાના તમામ ઉમેદવારો તથા નોકરીદાતાઓએ પોતાનું રજીસ્ટ્રેશન આ પોર્ટલમાં કરાવવાનું હોય છે જેમાં નોકરીદાતા અને રોજગારવાન્છું યુવાઓને એકસાથે જોડવા માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ ઉભી કરવામાં આવી છે. રોજગારવાન્છું તથા નોકરીદાતાઓ આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન પોતાની જાતે પણ કરી શકે છે અને એક મોબાઈલ એપ પરથી જાતે જ તેનું સંચાલન કરી શકે છે જેમાં કઈ કંપનીઓમાં વેકેન્સી છે તથા ક્યારે ભરતીમેળા યોજાશે તથા તેમાં કેવી રીતે ભાગ લઈ શકાય અને રોજગાર ભરતીમેળામાં જોડાવવા માટેનો એન્ટ્રી પાસ પણ આ પોર્ટલના માધ્યમથી મેળવી શકશે. આથી અનુબંધમ પોર્ટલ **anubandham.gujarat.gov.in** પર જીલ્લાના તમામ ઉમેદવારોને અને નોકરીદાતાઓને પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે રોજગાર હેલ્પલાઈન નંબર-૬૩૫૭૩૯૦૩૯૦ પર ફોન કરવા માટે રોજગાર અધિકારીશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે.

## કિશોરીઓ માટે સેટકોમ કાર્યક્રમ દ્વારા માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત આઈ.સી.ડી.એસ.ની અનોખી પહેલ અંતર્ગત ૨૩મી ઓગષ્ટના રોજ બપોરે ૨ થી ૨.૩૦ કલાકે ટી.વી.ના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ-૧ મોબાઈલના માધ્યમથી **VCD Gujarat**ની યુટ્યુબ ચેનલ ફેસબુક પેજ **VCD Gujarat**, જીઓ એપ પર વંદે ગુજરાત ચેનલ-૧ પર દર માસના ચોથા મંગળવારે વિવિધ વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપતો સેટકોમ કાર્યક્રમ 'પૂર્ણા દિવસ'ની ઉજવણી અંતર્ગત બતાવવાનો હોવાથી દરેક કિશોરીઓએ આ કાર્યક્રમ અચુક નિહાળી આંગણવાડી કાર્યકરને કાર્યક્રમ અંતર્ગત અભિપ્રાયો ઓડીયો/વિડીયો/મેસેજ/કોડ દ્વારા મોકલવા અનુરોધ કરવામાં આવ્યો છે.

પુર્ણા દિવસની ઉજવણી અંતર્ગત ચોથા મંગળવારે વિષય 'કાપડની થેલીને પોષણ/સ્વચ્છતાના સૂત્રો લખી શણગારવાની હરીફાઈનું આયોજન ગાંધીનગર તાલુકાની તમામ આંગણવાડી કેન્દ્રમાં યોજાશે. જેમાં સહભાગી થવા વિનંતી. આંગણવાડીમાં આવો ત્યારે કોવિડ-૧૯ નિવારવા ફરજિયાત માસ્ક, સેનિટાઈઝરનો ઉપયોગ કરવો. સામાજિક અંતર જાળવવા અનુરોધ છે.

# જુના વાહનોથી કામ ચલાવતા મધ્યમ વર્ગને સ્ક્રેપ પોલીસીથી આર્થિક ફટકો

### જુનાં વાહન, ખરીદેલા પરિવારના લાખના બાર હજાર થશે, આર્થિક સ્થિતિ મુજબ ઘરડા મા-બાપ તથા નાના બાળકોની મુસાફરી માટે જુના વાહનની પસંદગી કઠણાઈ બની, સોશીયલ મીડીયામાં સરકારના આ નિર્ણયનો કટાક્ષભર્યા અંદાજમાં વિરોધ

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્ર સરકારે તાજેતરમાં સ્ક્રેપ પોલીસી અમલમાં મુકી છે. આ સ્ક્રેપ પોલીસીનો મધ્યમવર્ગ ભરપૂર વિરોધ કરી રહ્યો છે. જેમાં સરકારના નિર્ણયથી અનેક મધ્યમવર્ગીય પરિવારો આર્થિક બેહાલ બની વાહન વગરના થઈ જવાની સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. પોતાની આર્થિક સ્થિતિ મુજબ જુના વાહન ખરીદી પોતાના પરિવારની જરૂરિયાતને સંતોષતા મધ્યમવર્ગને સ્ક્રેપ પોલીસી હથેળીમાં ચાંદ જેવી લાગી રહી છે. જેથી સોશીયલ મીડીયામાં સરકારના આ નિર્ણયનો કટાક્ષભર્યા અંદાજમાં આક્રોશ સાથે સંદેશો વાયરલ થઈ રહ્યો છે જેને પ્રચંડ સમર્થન પ્રાપ્ત થતું હોવાનું જાણવા મળ્યું છે.

સરકારની સ્ક્રેપ પોલીસીથી જુના વાહન ખરીદેલા પરિવારના લાખના બાર હજાર થઈ જવાની દહેશત ફેલાઈ છે. સરકારે આ અંગે મધ્યમ વર્ગની સ્થિતિની સમીક્ષા કર્યા વગરનો નિર્ણય કર્યો હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. આ પોલીસીથી તો સરકારને જ સીધો ફાયદો થાય તેમ છે. જેમાં નવા વાહનની ખરીદીમાં ટેક્ષ, વિમા પોલીસી તથા માતબર પ્રકારની એસેસરીઝમાં જંગી આવકનો અંદાજો લગાવાઈ રહ્યો છે. દેશભરમાં મધ્યમ વર્ગીય પરિવાર પોતાના ઘરડા મા-બાપ તથા નાના બાળકોની મુસાફરી સરળ બને તેવા શુભ હેતુથી પોતાને પોષાય તે રીતે જુનુ વાહન ખરીદ કર્યાનું કારણ આપે છે જેમાં અનેક પરિવારો આર્થિક પાયમાલ બની વાહન વિહોણા બની જશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે.

સારી કંડીશન અને સરકારના નિતિ નિયમો સાથે પોતાના પરિવારની જરૂરિયાત મુજબ આર્થિક રીતે પરવડે તેવા વાહન ખરીદી પોતાના જીવનમાં વ્યવહાર સાચવતો મધ્યમ વર્ગ સરકારના આવા આકરા નિર્ણયોથી અકળાઈ ઉઠ્યો છે અને આ અંગે સરકાર ફેર વિચારણા કરી લોકમત મેળવી નિર્ણય કરે તેવી માંગ ઉઠવા પામી છે.

**શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ**

CIN: L67120GJ1994PLC115132

રજીસ્ટર્ડ ઓફીસ : યુનિટ નં. ૬૦૪-એ, ૬૦૪-બી, ૬૦૫-એ, ૬૦૫-બી, છઠ્ઠો માળ, ટાવર-એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ગિફ્ટ સિટી, બ્લોક-૫૧ ઝોન-૫, રોડ ૫ઇ, ગિફ્ટ સિટી ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫
ફોન: +૯૧-૧૨૦-૪૯૧૦૦૦૦; વેબસાઇટ: www.shareindia.com ઇમેઇલ: vikas_cs@shareindia.com

**૨૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે **શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ**ના સભ્યોની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) કંપની કાયદા, ૨૦૧૩ ની લાગુ જોગવાઇઓ અને તે હેઠળ બનેલ નિયમો અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ અને ૫ મે, ૨૦૨૦ અને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ અને અન્ય લાગુ પરિપત્રો અને સેબી પરિપત્ર તારીખ ૧૨ મે, ૨૦૨૦ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ (સેબી પરિપત્ર) ના પાલન હેઠળ **બુધવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે** વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) સવલત દ્વારા એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો પાર પાડવા માટે યોજાશે.

સદરહું એમસીએ અને સેબી પરિપત્રો મુજબ, નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક અહેવાલ તેમજ એજીએમની જે સભ્યોના ઇમેઇલ આઇડી કંપની/ડીપોઝીટરીઝ પાસે ઉપલબ્ધ છે તેમને ઇલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવી રહ્યાં છે. એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ એટલે કે **www.shareindia.com** અને સ્ટોક એક્સેચન્જ એટલે કે **www.bseindia.com** અને **www.nseindia.com** અને સીડીએસએલ એટલે કે **www.evotingindia.com** પર પણ ઉપલબ્ધ છે.

કંપની તેના સભ્યોને એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો પર ઇલેક્ટ્રોનિક રીતે તેમના મત આપવા માટે સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) દ્વારા એજીએમ પહેલા અને દરિમયાન રીમોટ ઇ-વોટીંગ સવલત આપી રહી છે. કંપનીએ રીમોટ ઇ-વોટીંગ સવલત પુરી પાડવા માટે અધિકૃત એજન્સી તરીકે સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) ની સેવાઓની નિમણુક કરી છે.

રીમોટ ઇ-વોટીંગ **રવિવાર, ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે અને મંગળવાર, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે** પૂર્ણ થશે. જણાવેલ તારીખ અને સમય પછી રીમોટ ઇ-વોટીંગ માન્ય ગણાશે નહી. જે સભ્યોના નામ કટ ઓફ તારીખ **ગુરૂવાર, ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૧** ના રોજ સભ્યો/લાભાર્થી માલિકોના રજીસ્ટરમાં હાજર છે ફક્ત તે જ વાર્ષિક સામાન્ય સભા પહેલા અને દરમિયાન રીમોટ ઇ-વોટીંગની સવલત મેળવવા હકદાર ગણાશે. કોઇપણ વ્યક્તિ, જેઓ કંપનીના શેર ધરાવે છે અને એજીએમની નોટીસની રવાનગી પછી કંપનીના સભ્ય બન્યા છે અને કટ ઓફ તારીખ **ગુરૂવાર, ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૧** ના રોજ કંપનીના શેરો ધરાવે છે તેઓ **helpdesk.evoting@cdslindia.com** પર અરજી મોકલીને યુઝર આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. આમ છતાં, જો તમે પહેલેથી રીમોટ ઇ-વોટીંગ માટે સીડીએસએલમાં રજીસ્ટર્ડ છો તો તમારા વર્તમાન યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને તમારા મત આપી શકો છો.

સભ્યો/શેરહોલ્ડરો જેમણે ઇ-વોટીંગ દરિમયાન તેમના મત આપ્યા નથી, ફક્ત તેઓ સભા દરમિયાન ઇલેક્ટ્રોનિક રીતે તેમના મત આપી શકે છે. ત્યારબાદ મતદાન માટે ઇ-વોટીંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા બંધ કરવામાં આવશે. જે સભ્યોએ સભા પહેલા રીમોટ ઇ-વોટીંગથી તેમના મત આપ્યા છે, તેઓ સભામાં પણ હાજર રહી શકે છે પરંતુ ફરીથી તેમના મત આપવા હકદાર ગણાશે નહી.

રીમોટ ઇ-વોટીંગ માટેની કોઇપણ ફરિયાદો/પ્રશ્નો માટે, **શ્રી વિકાસ અગ્રવાલ, કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારીનો ઇ-મેઇલ : vikas_cs@shareindia.com** અથવા **એ-૧૫, સેક્ટર-૬૪, ગૌતમ બુધ્ધ નગર, ઉત્તર પ્રદેશ-૨૦૧૩૦૧ અથવા ૦૧૨૦-૪૯૧૦૦૦૦ પર સંપર્ક કરી શકાશે.**

શેર ઇન્ડિયા સિક્યોરિટી લીમીટેડ વતી
સહી/-
વિકાસ અગ્રવાલ
કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારી

સ્થળ : નોઇડા
તારીખ : ૨૩.૦૮.૨૦૨૧